PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા–૦૩/૧૬–૧૭/ 10458 તા. 28/11/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સ્પાર્ક ઈન્ડસ્ટ્રીઝ,
પ્લોટ નં. જી: ૨૭૩૯ –૪૦,
ઓલમાઈટી ગેટ નં.–૦૨,
રોડ નં.આઈ–૧,
કાલાવડ રોડ,
મેટોડા જીઆઈડીસી,
તા.લોધીકા, જી. રાજકોટ
મો: ૯૮ ૯૮ ૬૦ ૧૩ ૭૫

વિષય :–ઈલેકટ્રીક ડયુટી બાબત

સંદર્ભ:– આપની અરજી , તા. ૧૯–૧૦–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૧/ક્વા–૦૩/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૪)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, મેટોડા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 A

| કેસ નં. : સીજીઆરએફ : ૨૧/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૧–૧૧–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ સ્પાર્ક ઈન્ડસ્ટ્રીઝ,ગામઃ મેટોડા

રજુઆત કરનાર : અરજદાર શ્રી રાજેશભાઈ લાધાભાઈ સવસાણી હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, મેટોડા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :પી.બી.ભાડજા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

## : હુકમ :

### ફરીયાદ : ઈલેકટ્રીક ડયુટી બાબત

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામઃ મેટોડા ખાતે આવેલ ઓદ્યોગીક વીજજોડાણ નં.: ૮૮૨૪૯/૦૨૨૪૧/૬ ( ૧૦૦ કીવો) નુ બીલીગ ૨૫% વીજકર મુજબ થાય છે. આ જોડાણ નો હેતુ ઉત્પાદન નો છે. સરકાર શ્રી ના ધારાધોરણ મુજબ ઉત્પાદકીય હેતુ માટે ૧૦% વીજકર વસુલાત પાત્ર છે. તેઓ શ્રી એ સદર જોડાણ મા સપ્ટેમ્બર–૧૫ થી, ''રમેશભાઈ ગઢીયા '' પરથી ' ' સ્પાર્ક ઈન્ડસ્ટ્રીઝ '' ના નામે નામ બદલી મેળવેલ છે. તેમજ, ઓકટોબર–૨૦૧૫ થી, ૧૦૦ કીવો એ સુધી ના કરારીત વીજભાર હેઠળ નુ કરેલ છે. આમ, સપ્ટેમ્બર–૧૫ અને ઓકટોબર–૧૫ ના અનુક્રમે નામ બદલી અને વીજભાર વધારા ની અરજી સમયે, તેઓ શ્રી એ, અરજી ફોર્મ મા '' સદર જોડાણ ઈન્ડસ્ટ્રીઝ '' મુજબ ની વિગત લખી, અને તે મુજબ '' ઓદ્યોગીક એકમ '' હોવા સબંધક, જરૂરી એવા તમામ દસ્તાવેજીક પેપર્સ અગાઉ રજુ કરેલ હતા. તેમ છતા, ઓકટોબર–૧૫ ની સ્થિતીએ, પીજીવીસીએલ તરફથી સદર જોડાણ ને, ઓદ્યોગીક એકમ નો દરજજો આપી, અને તેઓના સદર જોડાણ મા, અગાઉ ના ૨૫% વીજકર ના બીલીગ ને તબ્દીલ કરી અને ૧૦% વીજકર મુજબ નુ બીલીગ કરાયેલ નથી. જેથી, તેઓ શ્રી એ પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા, તા.૦૬–૦૮–૧૬ ના રોજ લેખીત અરજી સાથે, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર નુ, તા.૨૬–૦૮–૧૫ ના રોજ નુ, '' ઉત્પાદકીય એકમ '' મા નોંધણી થયા નુ સર્ટીફીકેટ રજુ કરી અને, તેના અનુસંધાને, સપ્ટેમ્બર–૧૫ થી જ એટલેકે નામ બદલી ની મંજુરી ના સમયગાળા ની અસર થી જ, સદર જોડાણ મા, ૧૦% વીજકર મુજબ નુ બીલીગ કરવાની લેખીત અરજી આપેલ હતી. પરંતુ, પીજીવીસીએલ તરફથી સદર અરજી પરત્વે કોઈ કાર્યવાહી ન થવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨.૧ | ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર મે. સ્પાર્ક ઈન્ડસ્ટ્રીઝ, કે જેઓએ, અગાઉ માહે સપ્ટેમ્બર–૧૫ દરમ્યાન, સદર જોડાણ નં.: ૮૮૨૪૯/૦૨૨૪૧/૬ કે જે અગાઉ ૪૦ કીવો ના વીજભાર હેઠળ નુ, એનઆરજીપી જોડાણ હતુ, તે જોડાણ મા, '' શ્રી રમેશભાઈ ગઢીયા ના નામ પરથી સ્પાર્ક ઈન્ડસ્ટ્રીઝ ના નામે નામ બદલી મેળવેલ છે. તેમજ, ત્યારબાદ માહે ઓકટોબર–૧૫ મા, સદર જોડાણ ના હૈયાત ૪૦ કીવો ના વીજભાર મા, વધારાના ૬૦ કીવો નો વીજભાર વધારો, જે મંજુરી અન્વયે મેળવી અને ઓકટોબર–૧૫ થી,સદર જોડાણ ને – ૪૦ કીવો ના, એનઆરજીપી બીલીગ ટેરીફ ને બદલે, ૧૦૦ કીવો ના એલ.ટી.એમ.ડી. બીલીગ ટેરીફ મા તબ્દીલ કરાવેલ છે. અરજદાર શ્રી એ, સદર બન્ને અરજીઓ ( નામ બદલી અને વીજભાર વધારા ની બન્ને અરજીઓ) ના નિયત એવા અરજીફોર્મ (એ–૧ ફોર્મ) તથા, બન્ને અરજીઓ સાથે જોડેલ દસ્તાવેજીક પેપર્સ મા, તેઓ શ્રી નુ સદર જોડાણ '' ઈન્ડસ્ટ્રીઝ '' તેમજ '' એન્જીનીયરીગ વર્કશોપ'' તથા '' મેન્યુફેકચર એન્ડ ટ્રેડીગ '' તદ ઉપરાંત, '' સ્ટીલ પ્રોડકટ '' વગેરે મુજબ ના શબ્દો દર્શાવતા '' એવન ફોર્મ તેમજ દસ્તાવેજીક પેપર્સ '' રજુ કરેલ હતા. પરંતુ, આ સમયે એટલેકે માહે સપ્ટેમ્બર–૧૫ અને ઓકટોબર–૧૫ દરમ્યાન, '' સરકાર શ્રી ની જીલ્લા ઉદ્યોગ કચેરી દ્વારા નોંધાયેલ – એવુ ઉત્પાદકીય એકમ મુજબ નુ સર્ટીફીકેટ – જે તેઓ શ્રી ને તા.૨૬–૦૮–૧૫ ના રોજ મળેલ છે – તે સર્ટીફીકેટ" રજુ કરેલ ન હતો. આ મુજબ ની દસ્તાવેજીક પૂર્તતાના અભાવના |

| | |
|---|---|
| | કારણોસર, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી નુ સદર એલ.ટી.એમ.ડી. જોડાણ, જે માહે સપ્ટેમ્બર–૧૫ અથવા તો ઓકટોબર–૧૫ થી, '' વાણીજ્ય વીજકર દર – ૨૫% વીજકર ને બદલે – ઓર્દ્યોગીક ઉત્પાદકીય વીજકર દર– ૧૦% વીજકર મા '' તબ્દીલ કરાયેલ ન હતુ. અને, આ જોડાણ આ સમયે પ્રવર્તમાન રહેલ નામદાર જીઈઆરસી ના ટેરીફ ઓર્ડર મા કરાયેલ જોગવાઈ, તેમજ તે સમયે પ્રવર્તમાન રહેલ રાજ્ય સરકાર શ્રી ના વીજકર કલેકટર શ્રી ગાંધીનગર ના પરીપત્ર મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ,'' એન.આર.જી.પી.'' ના દરજ્જા હેઠળ ના, સરકાર શ્રી ના, વીજકર ના ૨૫% દર ની ગણતરીએ, જોડાણ નુ બીલીગ પણ ચાલુ રહેલ હતુ. જે, આજદિન સુધી, વીજકર ના ૨૫% ના દર ની ગણતરીએ ચાલુ રહેલ છે. |
| <u>૨.૨</u> | ત્યારબાદ, ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના સદર જોડાણ, કે જેમા નામ બદલી અને વીજભાર વધારો, જે અનુક્રમે માહે સપ્ટેમ્બર–૧૫ અને ઓકટોબર–૧૫ મા મેળવ્યા પછી ના, આશરે ૦૯ થી ૧૦ માસ પછી, એટલેકે તા.૦૬–૦૮–૧૬ ના રોજ અરજદાર શ્રી એ, '' સરકાર શ્રી ની જીલ્લા ઉર્દ્યોગ કચેરી દ્વારા નોંધાયેલ – એવુ ઉત્પાદકીય એકમ મુજબ નુ, તા.૨૬–૦૮–૧૫ ના રોજ નુ સર્ટીફીકેટ – ઉત્પાદકીય હેતુ નો નોંધણી નો દાખલો" રજુ કરી અને, સદર જોડાણ મા, માહે સપ્ટેમ્બર–૧૫ / ઓકટોબર–૧૫ થી પાછલી અસરથી, તેમના સદર જોડાણ મા '' ૨૫% વીજકર ને બદલે ૧૦% વીજકર '' મુજબ ની તબ્દીલી અસરકર્તા કરી અને તફાવતીય રકમ જમા મેળવવા માટે ની લેખીત અરજી આપેલ હતી. આમ, જીલ્લા ઓર્દ્યોગીક કેન્દ્ર ના તા.૨૬–૦૮–૧૫ ના સર્ટીફીકેટ સાથે ની અરજદાર શ્રી ની તા.૦૬–૦૮–૧૬ ના રોજ ની અરજી, જે સબંધક મેટોડા પેટા વિભાગીય કચેરી મા રજુ થયેલ હોય જેથી, સપ્ટેમ્બર–૧૬ થી, જે સદર જોડાણ ને, ઓર્દ્યોગીક –ઉત્પાદકીય હેતુ નો દરજ્જો આપી, અને તે મુજબ, સપ્ટેમ્બર–૧૬ થી આ જોડાણ મા, વીજકર નો દર, ૧૦% મુજબ વસુલાત કરવાની બાબત, પીજીવીસીએલ મા નિયમાધીન માન્ય રાખવા યોગ્ય હતી. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી એ, તેઓ શ્રી ની તા.૦૬–૦૮–૧૬ ની અરજી મા, માહે સપ્ટેમ્બર–૧૫ / ઓકટોબર–૧૫ થી પાછલી અસરથી, તેમના સદર જોડાણ મા '' ૨૫% વીજકર ને બદલે ૧૦% વીજકર '' મુજબ ની તબ્દીલી અસરકર્તા કરી, અને તફાવતીય રકમ જમા મેળવવા માટે ની માંગણી કરેલ છે. આમ, અરજદાર શ્રી ની સદર પાછલા સમયગાળા ની, વીજકર દર ને અસરકર્તા માંગણી માન્ય રાખવા માટે, વિદ્યુત સમાહર્તા કચેરી ગાંધીનગર સક્ષમ છે. જેથી, આ મુજબ ની પાછલા સમયગાળા ની અસરકર્તા, વીજકર ના દર ની તબ્દીલી અન્વયે નો મંજુરી પત્ર, જે વિદ્યુત શુલ્ક સમાહર્તા ની કચેરી ગાંધીનગર પાસેથી મેળવી અને પીજીવીસીએલ ની સબંધક મેટોડા પેટા વિભાગીય કચેરી મા રજુ કરવાનુ, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને જણાવેલ હતુ. પરંતુ, અરજદાર શ્રી એ તે મુજબ ન કરતા, ફોરમ સમક્ષ સવાલવાળી અરજી કરી અને, સદર તબ્દીલી, જે પાછલા સમયગાળા ની અસરકર્તા મુજબ ની માંગણી કરી અને તફાવતીય રકમ, જમા મેળવવા માટે ની મુખ્ય માંગણી કરેલ છે. અત્રે તરફથી તે ખાસ મંતવ્ય રજુ કરવામા આવે છે કે, '' વીજકર '' જે રાજ્ય સરકાર શ્રી નો કર/ આવક છે. જે કર / આવક, વીજ ગ્રાહકો <u>પાસેથી,</u> રાજ્ય સરકાર શ્રી, પીજીવીસીએલ મારફત ( વીજબીલ મારફત) નિયમીત પણે વસુલ કરી અને, નિયમીત પણે સરકાર શ્રી મા જમા કરાવે છે. જેથી, સદર વીજકર ની આવક પીજીવીસીએલ ની નહી પણ સરકાર શ્રી ની હોય, જેથી ફરીયાદી અરજદાર શ્રી, તેઓ શ્રી ની સદર માંગણી, જે સદર વીજકર બાબતે સક્ષમ એવા '' વિદ્યુત શુલ્ક સમાહર્તા ની કચેરી ગાંધીનગર '' પાસેથી મંજુરી મેળવી અને પીજીવીસીએલ મા રજુ કરી શકે છે. સદર કેઈસ મા, આ મુજબ નો અભિપ્રાય ફોરમ કમિટી સમક્ષ રજુ કરવામા આવે છે. |
| <u>૨.૩</u> | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી, જો તેમના જોડાણ મા સદર ટેરીફ દર તબ્દીલી માટે ની પાછલી અસર મુજબ નો મંજુરી પત્ર, જે વિદ્યુત શુલ્ક સમાહર્તા ની કચેરી ગાંધીનગર પાસેથી મેળવીને, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા અરજી સાથે રજુ કરશે, તો સદર મંજુરી પત્ર ની અમલવારી ના ભાગરૂપ, પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર શ્રી ની માંગણી મુજબ, તેમના જોડાણ ના વીજકર ના દર ની તબ્દીલી, જે ૨૫% ને બદલે, ૧૦% મુજબ – જે પાછલી અસર થી કરી, અને હિસાબકીય રીતે થતી તફાવતીય રકમ – જે અરજદાર શ્રી ના સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા આપવામા આવશે. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ ફોરમ કમીટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી એ તેમના સદર ઓર્ધોગીક વીજજોડાણ નં.: ૮૮૨૪૯/૦૨૨૪૧/૬ મા, કે જે અગાઉ, એનઆરજીપી બીલીંગ ટેરીફ અન્વયે નુ ૨૫% વીજકર મુજબ ના બીલીંગ હેઠળ હતુ, તે જોડાણ મા સપ્ટેમ્બર–૧૫ થી, ''રમેશભાઈ ગઢીયા '' પરથી '' સ્પાર્ક ઈન્ડસ્ટ્રીઝ '' ના નામે નામ બદલી મેળવેલ છે. તેમજ, ઓકટોબર–૨૦૧૫ થી, સદર જોડાણ નો કરારીત વીજભાર, જે ૧૦૦ કીવો સુધી નો કરી ને, જોડાણ ને '' એનઆરજીપી ટેરીફ માથી એલ.ટી.એમ.ડી ટેરીફ મા '' તબ્દીલ કરાવેલ છે. આમ, સપ્ટેમ્બર–૧૫ અને ઓકટોબર–૧૫ ના અનુક્રમે નામ બદલી અને વીજભાર વધારા ની અરજી સમયે, ફરીયાદી અરજદારશ્રી એ, સદર બન્ને અરજી ફોર્મ મા '' સદર જોડાણ ઈન્ડસ્ટ્રીઝ '' મુજબ ની વિગત લખેલ હતી. પરંતુ, સદર '' ઓર્ધોગીક એકમ '' નો હેતુ, '' ઉત્પાદકીય '' હોવા સબંધક, જરૂરી એવુ, જીલ્લા ઉધોગ કેન્દ્ર નુ, '' ઉત્પાદકીય એકમ '' મા નોંધણી થયા નુ સર્ટીફીકેટ રજુ કરેલ ન હતુ. આમ, માહે સપ્ટેમ્બર–૧૫ અને ઓકટોબર–૧૫ ની સ્થિતીએ, સદર જોડાણ નો હેતુ '' ઉત્પાદકીય '' હોવા સબંધક નિયમાધીન જરૂરી એવા દસ્તાવેજીક પેપર્સ સાથે ની સ્પષ્ટતાઓ ન હોવાના કારણોસર, સદર એલ.ટી.એમ.ડી વીજજોડાણ મા, એનઆરજીપી ટેરીફ અન્વયે ૨૫% વીજકર નો દર ચાલુ રહેલ હતો. |
| ૩.૨ | ત્યારબાદ, ફરીયાદી અરજદાર શ્રી એ, જીલ્લા ઓર્ધોગીક કેન્દ્ર ના તા.૨૬–૦૮–૧૫ ના સર્ટીફીકેટ સાથે ની, તા.૦૬–૦૮–૧૬ ના રોજ ની અરજી, જે સબંધક મેટોડા પેટા વિભાગીય કચેરી મા રજુ કરેલ હતી. જેથી, પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ની સદર અરજી ના અનુસંધાને, સપ્ટેમ્બર–૧૬ થી સદર જોડાણ ને, ઓર્ધોગીક –ઉત્પાદકીય હેતુ નો દરજ્જો આપી, અને તે મુજબ, સપ્ટેમ્બર–૧૬ થી આ જોડાણ મા, વીજકર નો દર, ૧૦% મુજબ વસુલાત કરવાની બાબત, પીજીવીસીએલ કક્ષાએથી નિયમાધીન માન્ય રખાયેલ હતી. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી એ, તેઓ શ્રી ની પીજીવીસીએલ મા રજુ કરાયેલ તા.૦૬–૦૮–૧૬ ની અરજી મા, માહે સપ્ટેમ્બર–૧૫ / ઓકટોબર–૧૫ થી પાછલી અસરથી, તેમના સદર જોડાણ મા '' ૨૫% વીજકર ને બદલે ૧૦% વીજકર '' મુજબ ની તબ્દીલી અસરકર્તા કરી, અને તફાવતીય રકમ જમા મેળવવા માટે ની મુખ્ય માંગણી કરેલ હતી. આ માંગણી, જે ૨૫% વીજકર ને બદલે ૧૦% વીજકર મુજબ ની ગણતરીએ, પાછલી અસર થી અસરકર્તા કરી, અને તફાવતીય રકમ જમા મેળવવા માટે ની હોય, સદર બાબત માટે, રાજય સરકાર શ્રી ની, '' વિધુત શુલ્ક સમાહર્તા ની કચેરી ગાંધીનગર '' કચેરી સક્ષમ હોય, પીજીવીસીએલ ની કક્ષા સક્ષમ ન હોય, જેથી પીજીવીસીએલ કક્ષાએથી, ફરીયાદી અરજદાર શ્રી ની આ મુજબ ની માંગણી પીજીવીસીએલ કક્ષાએથી ગ્રાહય રહેલ ન હતી. આ બાબત, પીજીવીસીએલ માટે સરકાર શ્રી પ્રારીત ધારાધોરણ અન્વયે ના નિયમો મુજબ ની જ હોય, ફોરમ કમિટી, પીજીવીસીએલ ની આ બાબત ને માન્ય રાખવાનો નિષ્કર્ષ કરે છે. |
| ૩.૩ | ફરીયાદી અરજદાર શ્રી એ, તેમનુ સદર જોડાણ ઉત્પાદકીય હેતુ માટે નુ હોય, તે મુજબ નુ જીલ્લા ઉધોગ કેન્દ્ર પાસેથી તા.૨૬–૦૮–૧૫ નુ સર્ટીફીકેટ મેળવેલ છે. અને આ સર્ટીફીકેટ ની નકલ સાથે, તેમના જોડાણ મા '' વીજકર ના દર તબ્દીલી '' મેળવવા માટે પીજીવીસીએલ મા તા.૦૬–૦૮–૧૬ ના રોજ લેખીત અરજી આપેલ છે. જેથી, અરજદાર શ્રી નુ સદર જોડાણ, માહે સપ્ટેમ્બર–૧૬ થી, એલ.ટી.એમ.ડી કેટેગરી હેઠળ ના, ઉત્પાદકીય હેતુ વાળા, ઓર્ધોગીક વીજજોડાણ ના દરજ્જા હેઠળ આવરી લઈ, અને તે મુજબ, માહે સપ્ટેમ્બર–૧૬ થી સદર જોડાણ ના બીલીંગ નો વીજકર, જે ૨૫% વીજકર ને બદલે ૧૦% વીજકર મુજબ નો કરવા માટે નો, પીજીવીસીએલ ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૪ | વીજકર, જે સરકાર શ્રી વતી પીજીવીસીએલ, નિયમીત વીજબીલ મારફત વસુલ કરી અને સરકાર શ્રી મા નિયમીત પણે જમા કરાવે છે. આમ, વીજકર ની આવક એ સરકાર શ્રી ની જ છે, પીજીવીસીએલ ની નથી. ફરીયાદી અરજદાર શ્રી એ, તેઓ શ્રી ની ફોરમ સમક્ષ ની અરજી મા, સદર વીજકર દર ના તફાવત ની રકમ, જે પાછલી અસર થી માંગેલ છે. ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી ની મંજુરી માટે સરકાર શ્રી ની વિધુત શુલ્ક સમાહર્તા ની કચેરી ગાંધીનગર સક્ષમ છે. ફરીયાદી અરજદાર શ્રી પાસે, તેમનુ જોડાણ ઓર્ધોગીક એકમ હેઠળ ની નોંધણી મુજબ નો હોવાનુ, જીલ્લા ઉધોગ કેન્દ્ર નુ, તા.૨૬–૦૮–૧૫ નુ સર્ટીફીકેટ ઉપલબ્ધ છે. જેથી, અરજદાર શ્રી રાજય સરકાર શ્રી ની સદર સક્ષમ કચેરી સમક્ષ, સદર તા.૨૬–૦૮–૧૫ ના સર્ટીફીકેટ ની નકલ સાથે અરજી કરી અને, સદર વીજકર બાબતે સક્ષમ એવા '' વિધુત શુલ્ક સમાહર્તા ની કચેરી ગાંધીનગર''પાસેથી, પાછલા સમયગાળા ને અસરકર્તા એવો મંજુરીપત્ર મેળવી અને પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરશે તો,પીજીવીસીએલ ને, તે મુજબ ની અમલવારી કરવા બાબતે, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૩ અને ૩.૪ મુજબ ની વિગતે હુકમ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\U JUDGEMENT\RRC JUDGE\2016\11 11 16 -2.doc